# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૯/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વણાટ ઉદ્યોગને બચાવવા માટે જીએસટી દર યથાવત રાખવા ચેમ્બરની ગુજરાતના મુખ્યમંત્રી અને નાણાં મંત્રીને રજૂઆત

## ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા નોટિફિકેશન બહાર પાડી કાપડ ઉપરનો જીએસટી દર ૫ ટકાથી વધારી ૧૨ ટકા કરવામાં આવ્યો છે

**સુરત.** ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૧ના રોજ નોટિફિકેશન નં. ૧૪/૨૦૨૧ સેન્ટ્રલ ટેક્સ (ટેક્સ રેટ) બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની વેલ્યુ ચેઇનના જીએસટી ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં અગાઉ જીએસટી ટેક્સ સ્લેબ અનુક્રમે ૧૮, ૧૨, ૫ અને ૫ ટકા એમ હતો. જેમાં ફેરફાર કરીને જીએસટી ટેક્સ સ્લેબ અનુક્રમે ૧૮, ૧૨, ૧૨ અને ૧૨ ટકા કરવામાં આવ્યો છે. એટલે કે કાપડ અને ગારમેન્ટ ઉપર અગાઉ જે ૫ ટકા જીએસટી દર હતો તેને કેન્દ્ર સરકાર દ્વારા વધારીને ૧૨ ટકા કરી દેવામાં આવ્યો છે. જેને પાછો ખેંચી ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં જીએસટી ટેક્સ દર યથાવત રાખવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણાં મંત્રી કનુભાઇ દેસાઇને લેખિતમાં રજૂઆત પાઠવવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ભારતના કુલ વણાટ એકમોમાંથી ૩૩ ટકા એકમો એકમાત્ર સુરતમાં સ્થપાયેલા છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના આંકડા મુજબ, સુરતમાં ૨૧ હજાર

જેટલા વણાટ એકમોમાં ૭ લાખથી વધુ પાવરલૂમ મશીનરી છે. જ્યારે એમ.એમ.એફ. ટેકસટાઇલનું ૬૦ ટકા ઉત્પાદન પણ એકમાત્ર સુરતમાં થાય છે, ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા કાપડ ઉપર વધારવામાં આવેલા જીએસટી દરના નિર્ણયની વિપરીત અને માઠી અસર સમગ્ર વણાટ ઉદ્યોગ ઉપર વર્તાશે.

- ગરીબ અને મધ્યમ વર્ગ માટેની ૮૦ ટકા સાડી સુરતમાં બને છે અને દેશના ગામડાઓમાં ગ્રાહકો સુધી નાના ટ્રેડર્સ દ્વારા પહોંચાડવામાં આવે છે. સરકારના આ નિર્ણયને કારણે નાના ટ્રેડર્સો પણ રોજગારી ગુમાવશે અને સાડીઓ મોંઘી થવાને કારણે ગરીબ વર્ગ દ્વારા તેની ખરીદી પણ અટકશે.
- વણાટ ઉદ્યોગ સુરતમાં સીધી અને આડકતરી રીતે ૧૮ લાખ લોકોને રોજગારી આપે છે અને વાર્ષિક ૧૪૪૦ કરોડ મીટર કપડું બનાવે છે. આ ઉદ્યોગને કારણે અન્ય રાજ્યોમાંથી સુરતમાં સ્થાયી થયેલા લાખો પરિવારોનું ગુજરાન ચાલે છે. આથી કેન્દ્ર સરકારના આ નિર્ણયને કારણે સુરતમાં બેરોજગારીનો ખૂબ જ ગંભીર અને જટીલ પ્રશ્ન ઉપસ્થિત થશે. સાથે જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ બગડવાની શકયતા રહે છે.
- વણાટ ઉદ્યોગમાં છ મહિનાની પેમેન્ટ સાયકલ કાર્યરત છે. તેની સામે વણાટ ઉદ્યોગકારોને દર મહિનાની ૨૦ તારીખે જીએસટી ભરવો પડશે. આથી ઉદ્યોગકારો માટે આર્થિક સંકડામણની સ્થિતિ નિર્માણ થશે.
- વણાટ ઉદ્યોગમાં મોડર્ન મશીનરીમાં આશરે રૂ. ૪ હજાર કરોડનું નવું રોકાણ સુરતમાં આવ્યું છે. મોડર્ન વિવિંગમાં સુરત એમ.એમ.એફ.માં ચાઇના સાથે સીધું સ્પર્ધામાં છે, ત્યારે કેન્દ્ર સરકારના આ નિર્ણયને પગલે નવું રોકાણ તો ધોવાઇ જ જશે પણ તેની સાથે સાથે ૫૦ ટકાથી પણ વધારે વણાટ ઉદ્યોગકારોનો વેપાર – ધંધો સંપૂર્ણપણે ઠપ્પ થઇ જશે. જેનો સીધો લાભ ચાઇના, વિયેતનામ અને બાંગ્લાદેશને થશે.
- મોડર્ન મશીનરીમાં આવેલું નવું રોકાણ ધોવાઇ જવાને કારણે બેંક એનપીએમાં વધારો થશે.
- કોવિડ– ૧૯ અને મંદીનો માર સહન કરીને માંડ માંડ બેઠો થયેલો વણાટ ઉદ્યોગ ફરીથી મરી પરવારી જશે, જેની ગંભીર અસર ગુજરાત રાજ્યની અર્થ વ્યવસ્થા ઉપર પણ પડશે.
- વણાટના ૫૦ ટકા એકમો બંધ થવાની ભીતિ સર્જાવાને કારણે ઉદ્યોગકારો તથા તેમના પરિવારજનોના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થશે.
- વણાટના ૫૦ ટકા એકમો બંધ થવાની ભીતિ સર્જાવાને કારણે લાખો કારીગરો તથા તેમના પરિવારજનોના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થશે.
- બેરોજગાર કારીગરો રસ્તા ઉપર ઉતરી આવશે તો શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડશે.
- આયાત વધશે તો કાચો માલ બનાવનારા કાપડના ઉદ્યોગકારોનો વેપાર પણ બંધ થવાની ભીતી સર્જાશે.
- ફુગાવો વધશે અને માંગમાં ઘટાડો થશે.
- સરકારની આવકમાં ઘટાડો થશે અને ગુજરાતનો આર્થિક વિકાસ રૂંધાઇ જશે.

આથી ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં લઇ સુરતના વણાટ ઉદ્યોગને બચાવવાના હેતુ કાપડ અને ગારમેન્ટ ઉપર જીએસટી દરમાં કરવામાં આવેલો વધારાને તાત્કાલિક ધોરણે પાછો ખેંચવા માટે તથા ટેકસટાઇલ ક્ષેત્રે જૂનું જીએસટી ટેકસનું માળખું યથાવત રાખવા મુખ્યમંત્રી અને નાણાં મંત્રીને વિનંતિ કરવામાં આવી છે.